અમે જે સમાજોની સેવા કરીએ છીએ તેમને અમારી સેવાઓ શક્ય તેટલી સહેલાઈથી મળી શકે તે માટે અમે કટીબદ્ધ છીએ.

અમારાં રહેવાસીઓ જે ભાષાઓ બોલે છે તેની અમે અમારા નિયમિત રેસિડેન્ટ્સ સર્વે (રહેવાસીઓના સર્વેક્ષણ)ના ભાગ તરીકે ફેરવિચારણા કરતાં રહીએ છીએ અને અમને ખબર છે કે અંગ્રેજી ઉપરાંત બોલવામાં આવતી મુખ્ય ભાષાઓ આ છે:

બંગાળી
ઉર્દૂ
સોમાલી
પંજાબી; અને
ફ્રેન્ચ

અલબત્ત, અમારાં રહેવાસીઓ બીજી પણ અનેક ભાષાઓ બોલે છે, પણ અમે ન્યૂહેમ લેંગ્વેજ શોપ સાથે ગોઠવણ કરેલી છે કે, વિનંતી કરવામાં આવશે તો મુખ્ય દસ્તાવેજોનું ભાષાંતર કરી આપવામાં આવશે. જો કોઈ દસ્તાવેજનું ભાષાંતર મળી શકે તેમ હશે, તો તે દસ્તાવેજમાં તેની જાહેરાત કરેલી હશે અને તે માટેનું ખાસ ચિહ્ન દર્શાવવામાં આવેલું હશે.

જો તમને કોઈ દસ્તાવેજનું ભાષાંતર જોઈતું હોય, તો કૃપા કરીને ન્યૂહેમ લેંગ્વેજ શોપને 020 8430 3040 ઉપર સોમવારથી શુક્રવાર સવારે 9થી સાંજે 5 દરમ્યાન ફોન કરો. દસ્તાવેજમાં આપેલા ચિહ્નની બાજુમાં કે ભાષાંતરની જાહેરાતમાં લખેલો રેફરન્સ નંબર તમને પૂછવામાં આવશે.